# BUSINESS મિત્ર

**ક્રૂડ ઓઈલ $91ને પાર, સેન્સેક્સ 397 પોઈન્ટ તૂટ્યો**

# યુદ્ધના વાદળો વચ્ચે શેરબજારમાં રક્તપાત

**એચડીએફસી** બેન્કને બાદ કરતા બેન્ક શેરોમાં લેવાલીએ બેન્ક નિફ્ટીએ 58000ની સપાટી કુદાવી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. 31

ઈરાન પર અમેરિકાના મિસાઈલ હુમલાની ઘટનાના પગલે ભારતીય શેરબજારમાં સપ્તાહની શરૂઆત ઘટાડા સાથે થઈ હતી અને છેલ્લે સેન્સેક્સ-નિફ્ટી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. યુએસ-ઈરાન વચ્ચે નવા તણાવ વચ્ચે ક્રુડ ઓઈલના ભાવમાં વધારો થયો હતો અને રોકાણકારોને જોખમ મુડમાં રહ્યા હતા, તેના પગલે ભારતીય શેરબજાર લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. જેમાં નિફ્ટીએ ઈન્ટ્રાડેમાં 24000 પોઈન્ટની સપાટી તોડી હતી, જે છેલ્લે 24100ની નીચે બંધ રહી હતી.

નવા ક્લોઝિંગ ઓકશન સેશન-કાસ મિકેનિઝમ હેઠળ એમએસસીઆઈ ઈન્ડેક્સ રિબેલેન્સીંગ વચ્ચે બજારનું સેન્ટિમેન્ટ નબળું રહ્યું હતું. રોકાણકારો સાવચેત રહ્યા હતા. જોકે, કાસ-સીએસીના લીધે રોકાણકારોની મુઝવણ વધી રહી છે, હજુય રોકાણકારોને 3.15થી 3.30ના ગાળાને સમજી શકાયો નથી.

બીએસઈ સેન્સેક્સ 397.24 પોઈન્ટ એટલે કે 0.4 ટકા ઘટીને 77000 પોઈન્ટની સપાટી તોડીને 76957.27 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77177 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76751 પોઈન્ટ સુધઈ ઘટ્યો હતો. નિફ્ટીએ 24100 પોઈન્ટની સપાટી તોડી હતી. નિફ્ટી 95.25 પોઈન્ટ એટલે કે 0.39 ટકા ઘટીને 24080.40 પોઈન્ટના સત્રે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24128 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24000 પોઈન્ટની સપાટી તોડીને 23993 પોઈન્ટ સુધી ઘટી હતી. જ્યારે બેન્ક નિફ્ટી 528.65 પોઈન્ટ એટલે કે 0.92 ટકા વધીને 58000 પોઈન્ટની સપાટી કુદાવીને 58024.95 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે કોનકોર્ડ બાયોટેકમાં 127.52 ગણા, ગ્રેન્યુઅલ્સ ઈન્ડિયામાં 29.73 ગણા, સેફાયર ફુડસમાં 6.82 ગણા, ન્યુ ઈન્ડિયા એન્સ્યોરેન્સમાં 6.38 ગણા અને ક્રાફ્ટમેન ઓટોમેશન6.32 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે સુપ્રીમ પેટ્રોકેમમાં 17.49 ગણા, ન્યુ ઈન્ડિયા એન્સ્યોરેન્સમાં 17.09 ગણા, ટ્રાન્સફોર્મર્સ એન્ડ રેક્ટીફાયર્સમાં 5.63 ગણા, ઈકલર્ક્સ સર્વિસીસમાં 5.57 ગણા અને આઈઆરબી ઈન્ફ્રા. માં 4.73 ગણા કામકાજ નોંધાયા છે.

રોકાણકારો ક્રુડ ઓઈલ અને સોનાના ભાવ, સ્થાનિક અને યુએસ બોન્ડ યીલ્ડ, રૂપિયો અને યુએસ-ઈરાન સંઘર્ષની આસપાસના વિકાસ પર નજીકથી નજર રાખશે. મીડિયા, મેટલ અને એફએમસીજીના શેરોમાં ઘટાડો નોંધાયો છે. જ્યારે ખાનગી બેન્ક, ફાર્મા અને ઓઈલ-ગેસના શેરોમાં વધારો થયો છે.

બ્રોડર માર્કેટમાં નરમાઈ જોવા મળી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.23 ટકા અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.74 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નેગેટિવ રહ્યા હતા. બીએસઈ ખાતે 1855 શેરો વધ્યા હતા, જ્યારે 2571 શેરો ઘટ્યા હતા, જ્યારે 265 શેરો યથાવત રહ્યા હતા.

કોમડિટીઝ બજારમાં ક્રુડ ઓઈલના ભાવમાં ઉછાળો જોવાયો હતો. બ્રેન્ટ ક્રુડ 3.18 ડોલર વધીને 91.28 ડોલર પર પહોંચ્યો હતો.

નિફ્ટી મીડિયા ઈન્ડેક્સ 2.84 ટકા વધ્યા હતા. જેમાં ઝી એન્ટર, નેટવર્ક 18 મીડિયા, સારેગામા ઈન્ડિયા, પ્રાઈમ ફોકસ, સન ટીવી નેટવર્ક, ડીબી કોર્પ, પીવીઆર આઈનોક્સ, ટીપ્સ મ્યુઝીક, અને નઝારા ટેકનો ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ જોન્સ ફયુચર્સ 93 પોઈન્ટ ઘટ્યો છે, જે આજે યુએસ બજાર માટે નકારાત્મક શરૂઆત સુચવે છે. મીડલ ઈસ્ટમાં તણાવ વધતા યુરોપિયન બજાર ઘટાડા સાથે ચાલી રહ્યા છે, અને એશિયન બજારો લાલ નિશાનમાં બંધ રહ્યા છે. ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદર વધવાના એંધાણ અને ઈરાન-અમેરિકા વચ્ચેનો તણાવની અસર રહી હતી.

યુરોપિયન બજારોમાં ડેક્સ 0.62 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે, જ્યારે કેક 0.16 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં નીક્કી 0.35 ટકા, હેંગસેંગ 0.27 ટકા, તાઈવાન 0.44 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા, જ્યારે કોસ્પી 0.46 ટકા, જકાર્તા 0.11 ટકા અને શાંઘાઈ 0.86 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

## રૂપિયો સુધરીને 95ની નજીક

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 95.17 રૂ. |
| યુરો | 110.65 રૂ. |
| પાઉન્ડ | 128.59 રૂ. |
| યેન | 0.5955 રૂ. |

કરન્સી બજારમાં રૂપિયામાં સુધારો આગળ વધતો જોવા મળ્યો છે. ફેડરલ રિઝર્વના ટિપ્પણી બાદ રૂપિયામાં સુધારો જોવાયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 22 પૈસા સુધરીને 95.17ના સ્તરે બંધ રહ્યો હતો, જે ધીમે ધીમે 95 નજીક સરક્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.39ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 110.65, પાઉન્ડ 128.59, કેનેડિયન ડોલર 68.46, ઓસ્ટ્રેલિયન ડોલર 68.51, જાપાનીઝ યેન 0.5954 અને સીંગાપોર ડોલર 74.92ના સ્તરે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| **સેન્સેક્સ** | -307.24 | 76957.27 |
| **નિફ્ટી** | -95.25 | 24080.40 |
| **બેન્ક નિફ્ટી** | 528.65 | 58024.95 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| સન ફાર્મા | 3.38 | 1984.80 |
| નેસલે ઇન્ડિયા | 2.88 | 1496.50 |
| એક્સીસ બેન્ક | 2.77 | 1300.00 |
| મેક્સ હેલ્થકેર | 2.76 | 1042.10 |
| ગ્રાસીમ ઇન્ડ. | 2.46 | 3371.00 |

**નિફ્ટી — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી એન્ટર | 9.76 | 2859.10 |
| અદાણી પોર્ટસ | 6.70 | 1593.10 |
| આઇટીસી | 3.95 | 255.50 |
| ભારતી એરટેલ | 3.75 | 1811.50 |
| ટીએમપીવી | 3.30 | 308.85 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| સન ફાર્મા | 1.87 | |
| સન ફાર્મા | 1.87 | 1956.00 |
| ICICI બેન્ક | 1.74 | 1450.00 |
| ભારત ઇલે. | 0.79 | 414.00 |
| રિલાયન્સ ઇન્ડ. | 0.05 | 1285.00 |

**સેન્સેક્સ — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી પોર્ટસ | 4.11 | 635.00 |
| એચડીએફસી બેન્ક | 1.53 | 709.00 |
| ટાટા સ્ટીલ | 1.18 | 184.00 |
| ઇટર્નલ | 0.02 | 327.70 |

# યુએસ ફેડના સંકેતથી ગોલ્ડ-સિલ્વર ETF તૂટ્યા

મુંબઈ, તા. 31. યુએસ ફેડરલ રિઝર્વના ચેરમેનના જેકશન હોલ ખાતેની ટીપ્પણી બાદ વ્યાજદર વધવાની સંભાવના વધી જતાં સોના-ચાંદી ઈટીએફમાં ભારે વેચવાલીએ દબાણ જોવાયું હતું. જેના લીધે ચાર ટકાનો ઘટાડો નોંધાયો હતો.

વૈશ્વિક બજારમાં સોના અને ચાંદીના ભાવમાં થયેલા વધારાને અનુરૂપ આ વેચાણ છે. આજે આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવમાં સતત ઘટાડો જોવા મળ્યો હતો. સોનામાં 4 ટકાનો ઘટાડો થયો હતો, જે જુનની શરૂઆતમાં તેનો સૌથી મોટો ઘટાડો છે.

સિંગાપોરમાં સ્પોટ ગોલ્ડ 0.7 ટકા ઘટીને 4422.75 ડોલર પ્રતિ ઔંસ અને ચાંદી 0.4 ઘટીને 66.12 ડોલર પ્રતિ ઔંસ બંધ થઈ ગઈ છે. તેની અસર સ્થાનિક બુલિયન માર્કેટમાં પણ જોવા મળી હતી, જેમાં એમસીએક્સ 1.14 ટકા ઘટીને 154496 પ્રતિ 10 ગ્રામ અને એમસીએક્સ સિલ્વર ફયુચર્સ લગભગ 1.28 ટકા ઘટીને રૂ. 239341 પ્રતિ કિલો પર બંધ રહ્યો હતો.

આજરોજ સીલ્વર ઈટીએફ ગોલ્ડ ઈટીએફ કરતા વધુ ઘટ્યા હતા. એસબીઆઈ સીલ્વર ઈટીએફ 4.05 ટકા ઘટીને રૂ. 226.55 પર બંધ રહ્યો હતો, જ્યારે નિપ્પોન ઈન્ડિયા સીલ્વર ઈટીએફ 4.06 ટકા ઘટીને 221.07 રૂપિયા પર ઘટીને બંધ રહ્યો હતો. ટાટા સીલ્વર ઈટીએફ પણ 3.98 ટકા ઘટીને 22.44 અને આઈસીઆઈસીઆઈ પ્રુડન્શીયલ સીલ્વર ઈટીએફ પણ 3.87 ટકા ઘટીને રૂ. 231.21 પર બંદ રહ્યો હતો.

ગોલ્ડ ઈટીએફમાં પણ તીવ્ર ઘટાડો થયો હતો. આઈસીઆઈસીઆઈ પ્રુડન્શીયલ ગોલ્ડ ઈટીએફ 3.59 ટકા ઘટીને રૂ. 130.75, એસબીઆઈ ગોલ્ડ ઈટીએફ 3.50 ટકા ઘટીને રૂ. 130.30 અને નિપ્પોન ઈન્ડિયા ઈટીએફ ગોલ્ડ બીઝ 3.48 ટકા ઘટીને રૂ. 136.30 પર બંધ રહ્યો હતો. તેજ સમયે, ટાટા ગોલ્ડ ઈટીએફ 3.19 ટકા ઘટીને રૂ. 14.87 પર બંદ રહ્યો હતો.

ફેડરલ રિઝર્વની વાર્ષિક જેકશન હોલ કોન્ફરન્સમાં કેવિન વોર્શે કહ્યું હતું કે, તેઓ ફુગાવાને સેન્ટ્રલ બેન્કના 2 ટકાના લક્ષ્ય પર પાછા લાવવાની સ્થિતિમાં છે. આ પછી સોનુ અને ચાંદી તુટી ગઈ હતી.

સપ્ટેમ્બરમાં પોલિસી મીટીંગમાં વ્યાજદરમાં વધારો થવાની સંભાવના 50 ટકાથી વધુ છે.

યુએસ અને ઈરાને સોના-ચાંદીની ચમક અંગે યુદ્ધ વધુ તીવ્ર બનાવ્યું હોવાથી ક્રુડના ભાવમાં થયેલા વધારાએ દબાણમાં વધારો કર્યો હતો. યુએસ સૈન્યએ રવિવારે ઈરાનના રોકેટ લોન્ચર્સ પર હુમલો કર્યો હતો, આ તણાવ વધતો જાય છે. જેથી ક્રુડ ઓઈલના ભાવમાં વધારો થવાથી ફુગાવો વધવાની ચિંતા વધી છે.

# સુભાષ ચંદ્રાની રિપેમેન્ટ સ્કીમ સામે કેનેરા-યુનિયન બેન્ક NCLAT પહોંચી

**99 ટકા** નુકશાન સ્વીકાર્ય નથી, એનસીએલએટીને તાત્કાલિક સુનાવણીની માગ કરી

નવી દિલ્હી, તા. 31. કેનેરા બેન્ક અને યુનિયન બેન્કે સુભાષ ચંદ્રાની ચુકવણી યોજનાને મંજુરી આપવાના એનસીએલટીના નિર્ણયને પડકારતા એનસીએલએટીમાંમાં અરજી દાખલ કરી છે. બેન્કો ઈચ્છે છે કે આ કેસની સુનાવણી વહેલી તકે થાય. તેઓ એનસીએલટીને હાલ પુરતું એનસીએલટીના આદેશ પર રોક લગાવવા વિનંતી પણ કરી શકે છે. એનસીએલએટી આ માલાની તાત્કાલિક સુનાવણી કરવા સંમત થઈ છે અને બેન્કોની વિનંતી પર 1 સપ્ટેમ્બરના રોજ સુનાવણી થવાની સંભાવના છે.

બેન્કોનું કહેવું છે કે મંજુર કરવામાં આવેલી રિપેમેન્ટ યોજનાથી બેન્કોને તેમના બાકી નાણાં લગભગ 99 ટકા ગુમાવશે. તેઓ એમપણ કહે છે કે આ નિર્ણય ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડના મુળ હેતુની વિરૂદ્ધ હોઈ શકે છે.

એનસીએલટીએ ચુકવણી યોજનાને મંજુરી આપી હતી, જેમાં સુભાષ ચંદ્રાને આશરે રૂ. 6.5 કરોડ ચુકવશે. ધિરાણકર્તાઓ પર રૂ. 22000 કરોડથી વધુનો દાવો હતો. આ ચુકાદાનો વિરોધ કર્યો હતો. એલઆઈસી હાઉસીંગ ફાઈનાન્સ અને એચડીએફસી બેન્કે પણ કહ્યું હતં કે તેઓએ આ યોજનાની વિરૂદ્ધ મત આપ્યો છે. કેનેરા બેન્કનો 1.60 ટકા, યુનિયન બેન્કનો 0.76 ટકા અને એલઆઈસી હાઉસીંગ ફાઈનાન્સનો 6.09 ટકા હિસ્સો હતો. આ ત્રણેય બેન્કોએ રૂ. 6.25 કરોડની ચુકવણી યોજનાની વિરૂદ્ધ મત આપ્યો હતો. જોકે, કુલ મતદાન હિસ્સાના 80.81 ટકા હિસ્સો ધરાવતા ધિરાણકારોએ આ યોજનાની તરફેણમાં મત આપ્યો હતો. તેથી કેટલીક બેન્કોએ તેનો વિરોધ કર્યો હોવા છતાં, મોટાભાગના ધિરાણકર્તાઓએ તેને ટેકો આપ્યો હોવાથી આ યોજનાને મંજુરી મળી હતી.

એટલું જ નહીં, કેનેરા બેન્કે ફોરેન્સિક ઓડિટની માગ કરી હતી, પણ બેન્કે કહ્યું કે તેની સત્તાના ઓછા મતદાન હિસ્સાને કારણે આ વિનંતી સ્વીકારી શકાય તેમ નથી. યુનિયન બેન્ક અને અન્ય સરકારી બેન્કો અને સંગઠનોએ પણ રિપેમેન્ટ યોજનાની વિરૂદ્ધ મતદાન કર્યુ હતું.

# CASમાં બેન્ક નિફ્ટી 58000ને પાર નીકળી ગઈ

**બેન્ક** નિફ્ટીએ નિફ્ટી અને સેન્સેક્સને પાછળ છોડી દીધા: સૌથી વધુ ઉછાળો ક્લોઝિંગ ઓક્શન સેશન પછી થયો

મુંબઈ, તા. 31. આજરોજ સેન્સેક્સ અને નિફ્ટી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. એમ પણ વૈશ્વિક બજારોમાં પણ નરમાઈ રહી હતી, પણ ઓકશન સેશનમાં સેન્સેક્સ નિફ્ટીને પાછળ છોડીને બેન્ક નિફ્ટીએ બાજી પલટી નાખી હતી અને બેન્ક નિફ્ટી 58000 પોઈન્ટની સપાટી કુદાવી હતી. આમ, બે દિવસમાં બેન્ક નિફ્ટી એક ટકા વધીને 58024.95 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બેન્ક શેરોમાં ફેડરલ બેન્ક, આઈટીએફસી ફર્સ્ટ બેન્ક અને યસ બેન્ક 3.3 ટકાથી 3.6 ટકા વધ્યા હતા. એક્સીસ બેન્ક, આઈસીઆઈસીઆઈ બેન્ક અનુક્રમે 2.7 ટકા અ 2.2 ટકા વધ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, બેન્ક નિફ્ટીમાં મોટા ભાગનો વધારો ઓકશન સેશન બંધ થયા બાદ આવ્યો હતો.

3 ઓગસ્ટથી રજૂ કરાયેલા સીએએસએ આશરે 20 મીનીટની ઓકશન છે, જે દરમ્યાન સ્ટોકની સત્તાવાર બંધ કિંમત નક્કી કરવા માટે ખરીદ અને વેચાણના ઓર્ડર સાથે મેળ ખાય છે. ચીન, તાઈવાન, હોંગકોંગ અને દક્ષિણ કોરિયા સહિતના અન્ય વૈશ્વિક અને એશિયન બજારોમાં સમાન મિકેનિઝમનો ઉપયોગ થાય છે.

## જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૮૦૦ |
| એમ-30 | ૫૮૦૦ |
| એસ-30 | ૫૭૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૫૫૦૦ |
| એસ-30 | ૫૪૦૦ |

## સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૯૪૭૦ |
| તેજાબી સોનું | ૧૫૯૩૮૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૧૪૯૫ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૫૬૨૮૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૯૪૭૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૧૮૬૦ |
| ચાંદી સિક્કા | ૨૪૩૩૮૦ |

## તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| ક્પાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| ક્પાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| ક્પાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

## યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૪૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૦.૫ | ૫૦/૩૬ ’’ | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૬૭ |
| ૩૦/૩૬ એફડી | ૨૮૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૫૯ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૨ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૫૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૩ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૦૫.૨૫ |
| ૬૮/૩૬ | ૧૫૬.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૦.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૫૪.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૫૨ | ૬૮ ક્રિમ્પ | ૧૫૯ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૫૬ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૫૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૦.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૫૪ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૬૭ | ૮૦ ક્રિમ્પ | ૧૫૪ |
| ૮૦/૭૨ રોટો. | ૧૫૯.૭૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૬૭ | ૮૦/૭૨ રોટો | ૧૬૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૫૮.૭૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૪.૨૫ | ૮૦/૧૦૮ ’’ | ૧૬૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૫૯ |

## ઝોમેટોએ તેના પ્લેટફોર્મ પર એનાલોગ ડેરી ઉત્પાદન પર પ્રતિબંધ મૂક્યો


મુંબઈ, તા, 31 . ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA)ના કડક પગલાં વચ્ચે ઝોમેટોએ તેના પ્લેટફોર્મ પર એનાલોગ ડેરી ઉત્પાદનો પર પ્રતિબંધ મૂક્યો છે. કંપનીએ એક સત્તાવાર સૂચનામાં ચેતવણી આપી હતી કે “જે રેસ્ટોરન્ટ ભાગીદારો નિયમોનું પાલન ન કરે તેમને પ્લેટફોર્મ પરથી કાઢી નાખવામાં આવશે.” મહારાષ્ટ્રમાં ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા રાજ્યવ્યાપી કાર્યવાહીના પગલે, ઇટરનલ લિમિટેડની માલિકીની ફૂડ ડિલિવરી કંપની ઝોમેટોએ એનાલોગ ડેરી ઉત્પાદનો જેમકે ચીઝ, પનીર અને અન્ય ઉત્પાદનો ધરાવતી ખાદ્ય ચીજોને વિકલ્પ તરીકે દેખાવા પર પ્રતિબંધ મૂક્યો છે, જેના કારણે ઘણી લોકપ્રિય ખાણીપીણીની દુકાનોના લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

## અમેરિકાના હુમલા બાદ ક્રૂડ ઓઈલના ભાવ 3.5 ટકાથી વધુ ઉછળ્યા

મુંબઈ, તા. 31 સોમવારે અમેરિકા દ્વારા હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાનના લારાક ટાપુ પર બે લોન્ચર પર હુમલો કરવામાં આવ્યા બાદ તેલના ભાવમાં 3.5 ટકાથી વધુનો વધારો થયો હતો અને તેહરાને કહ્યું હતું કે તેણે જોર્ડનમાં યુએસ એરબેઝ પર હુમલો કરીને બદલો લીધો છે. મધ્ય પૂર્વમાં સંઘર્ષ હવે છઠ્ઠા મહિનામાં પ્રવેશી ગયો છે. નવી લશ્કરી કાર્યવાહીથી વ્યૂહાત્મક જળમાર્ગ દ્વારા તેલ પુરવઠા અને શિપિંગમાં વધુ વિક્ષેપ પડવાની ચિંતા વધી ગઈ છે. હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાની ટાપુ પર અમેરિકાના હુમલા બાદ સોમવારે ક્રૂડ ઓઈલના ભાવ ટ્રેડ દરમ્યાન પ્રતિ બેરલ 3.56 ટકા એટલે કે 3.14 ડોલરથી વધુ ઉછળીને 91.24 થયા હતા. યુએસ વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ (WTI) ક્રૂડ 3.81 ટકા એટલે કે 3.18 વધીને 86.58 ડોલર પ્રતિ બેરલ થયા હતા. એમસીએક્સ પર પણ આંતરાષ્ટ્રીય ભાવમાં ઉછાળાને પગલે ક્રૂડના ભાવ 2.88 ટકા એટલે કે રૂ. 230 વધીને રૂ. 8214 થયા હતા. ગયા અઠવાડિયે ક્રૂડ ઓઈલના ભાવમાં 4 ટકાથી વધુ ઘટાડો થયો. શિપિંગ ડેટા દર્શાવે છે કે સપ્તાહના અંતે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા કોમોડિટી જહાજોની સંખ્યા ઘટીને દરરોજ પાંચ થઈ ગઈ છે.

# સોનિયા ગાંધીની આત્મકથા તેમનાં જીવનનાં ભેદી પાસાંઓ ઉપર પ્રકાશ પાડશે?

**ટુ ધ પોઈન્ટ ■ સંજય વોરા ■**



ભૂતપૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીનાં પત્ની સોનિયા ગાંધીએ સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં પ્રભુત્વ ધરાવતા જૂનામાં જૂના રાજકીય પક્ષનું સુકાન સંભાળતા પહેલાં ઘણાં વર્ષો સુધી પ્રસિદ્ધિના પ્રકાશથી દૂર રહેવાનો પ્રયાસ કર્યો હતો. ૧૯૮૦ના દાયકામાં બોફોર્સના કૌભાંડને કારણે રાજીવ ગાંધીને રાજીનામું આપવાની ફરજ પડી ત્યારે સોનિયા ગાંધીનાં નામ આગળ રહસ્યનાં જાળાં બાઝી ગયાં હતાં, કારણ કે બોફોર્સ કૌભાંડના તાર સોનિયા ગાંધીના વતન ઇટાલીના વતની ઓક્ટોવિયો ક્વોટ્રોચી સાથે જોડાયેલા હતા. ભાજપ સહિતના વિપક્ષો સોનિયા ગાંધીનો ઉલ્લેખ ઇટાલીની રહસ્યમય ભૂતપૂર્વ બાર ડાન્સર તરીકે કરી તેમનો તિરસ્કાર કરતા હતા. રાજીવ ગાંધીની હત્યા પછી સોનિયા ગાંધી સક્રિય રાજકારણમાં કૂદી નહોતા પડ્યાં પણ તેમણે સીતારામ કેસરીને કોંગ્રેસના અધ્યક્ષ બનાવ્યા હતા. ૧૯૯૮માં જ્યારે સોનિયા ગાંધી ભારતના મુખ્ય વિરોધ કોંગ્રેસનાં પ્રમુખ બન્યાં ત્યારે તેમના વિશે બહુ ઓછી વાતો જાણીતી હતી. તે સમયે તેમને કમને રાજકારણમાં આવેલાં નેતા તરીકે જોવામાં આવતાં હતાં. ૨૦૦૪માં યુપીએની સરકાર કેન્દ્રમાં આવી ત્યારે સોનિયા ગાંધી વડાં પ્રધાનના હોદ્દા વગર પણ દેશનાં સૌથી શક્તિશાળી રાજકારણી બની ગયાં હતાં. તે દસ વર્ષના ગાળામાં ડો. મનમોહન સિંહ ભલે ભારતના વડા પ્રધાન હતા; પણ રિમોટ કન્ટ્રોલ તો સોનિયા ગાંધીના હાથમાં જ રહેતું હતું.

સોનિયા ગાંધીનું અંગત જીવન અનેક દુર્ઘટનાઓ અને ઉથલપાથલથી ભરેલું રહ્યું છે. તેમનું જીવન ઇટાલીના એક નાના શહેરમાં તેમના બાળપણથી શરૂ થાય છે અને પછી ભારતીય રાજકારણના કેન્દ્રમાં તેમના અણધાર્યા ચઢાણથી આગળ વધતું દેખાય છે. જ્યારે તેમનાં સાસુ અને તત્કાલીન વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીને તેમના સુરક્ષા ગાર્ડ દ્વારા ગોળી મારી દેવામાં આવી હતી, ત્યારે તેઓ તેમને હોસ્પિટલમાં લઈ ગયાં હતાં. સાત વર્ષ પછી એક આત્મઘાતી બોમ્બરે તેમના પતિ રાજીવ ગાંધીની હત્યા કરી નાખી ત્યારે સોનિયા ગાંધી તેમના મૃતદેહને ઘરે લાવ્યા હતા. ત્રણ દાયકા પછી રાજકારણમાં અનિચ્છા ધરાવતી વ્યક્તિથી દેશના સૌથી જૂના રાજકીય પક્ષના સૌથી શક્તિશાળી નેતા બનવા સુધીની સફર પછી સોનિયા ગાંધી હવે પોતાની કથા કહી રહ્યાં છે.

શ્રીમતી સોનિયા ગાંધીની આત્મકથા ‘બિલોંગિંગ: અ જર્ની ઓફ લવ’ નવેમ્બરમાં પ્રકાશિત થશે. તે અમેરિકામાં આલ્ફ્રેડ એ. નોફ અને યુકેમાં વિલિયમ કોલિન્સ દ્વારા પ્રકાશિત કરવામાં આવશે. ભારતમાં પ્રકાશન પહેલા જ આ પુસ્તકની ખૂબ ચર્ચા થઈ રહી છે. આલ્ફ્રેડ એ. નોફ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં સોનિયા ગાંધીએ કહ્યું કે તેઓ ઇચ્છે છે કે આ સંસ્મરણ મારા હૃદયની સફરનું સાક્ષી બને, જેમાં મારા જીવનના આનંદ અને સૌથી ઊંડી નિરાશાઓનો સમાવેશ થાય છે. વિલિયમ કોલિન્સના મતે આ પુસ્તક ૧૯૬૫માં કેમ્બ્રિજમાં શરૂ થાય છે, જ્યારે ૧૯ વર્ષની ઇટાલિયન વિદ્યાર્થીની સોનિયા મૈનો ભારતના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુના પૌત્ર રાજીવ ગાંધીના પ્રેમમાં પડે છે. સોનિયા ગાંધી તેમના જીવનને નિખાલસતાથી જુએ છે. વાચકોને ફક્ત એ વાર્તામાં જ રસ નહીં હોય કે કેવી રીતે એક યુવાન વિદેશી મહિલા ભારતના સૌથી શક્તિશાળી રાજકીય પરિવારનો ભાગ બની, પરંતુ તેઓ આધુનિક ભારતીય રાજકારણના કેટલાક સૌથી મોટા અનુત્તરિત પ્રશ્નોના જવાબો પણ તેમાં શોધશે. સોનિયા ગાંધીને રાજકારણમાં કઈ ચીજે આકર્ષિત કર્યાં? આઠ વર્ષ સત્તાથી દૂર રહ્યા પછી ૨૦૦૪ માં કોંગ્રેસ સત્તામાં પાછી આવી ત્યારે પડદા પાછળ શું બન્યું? સૌથી મોટું રહસ્ય કદાચ એ છે કે સોનિયા ગાંધીએ તેમના પક્ષ અને સાથી પક્ષોનો ટેકો હોવા છતાં, તેમણે વડાં પ્રધાનપદનો ઇનકાર કર્યો અને તેના બદલે ભારતના આર્થિક ઉદારીકરણના પિતા મનમોહન સિંહને વડા પ્રધાન તરીકે પસંદ કર્યા. શું તેમને ડર હતો કે તેમની વિદેશી પૃષ્ઠભૂમિ તેમની સરકારને કાયમ માટે નબળી પાડશે? પત્રકાર અને લેખિકા નીરજા ચૌધરી કહે છે કે મને લાગે છે કે આ સૌથી મોટો અનુત્તરિત પ્રશ્ન છે. તેઓ સરળતાથી વડા પ્રધાન બની શક્યા હોત. તેમને તેમના પક્ષ અને સાથી પક્ષોનો સંપૂર્ણ ટેકો હતો, અને રાષ્ટ્રપતિ કાર્યાલય પાસે તેમને સરકાર બનાવવા માટે આમંત્રણ આપતો પત્ર તૈયાર હતો. કોંગ્રેસના ભૂતપૂર્વ નેતા અને વિદેશ મંત્રી નટવર સિંહે પોતાનાં સંસ્મરણોમાં લખ્યું છે કે સોનિયા ગાંધીના પુત્ર રાહુલ ગાંધી તેમની માતાને વડાં પ્રધાન બનવાનો સખત વિરોધ કરતા હતા. તેમને ડર હતો કે તેમનું પણ તેમના દાદી અને પિતા જેવું જ પરિણામ આવશે. કદાચ આગળ જતાં તેમની પણ હત્યા કરી નાખવામાં આવશે. નટવર સિંહ લખે છે કે જ્યારે રાહુલે કહ્યું કે તેઓ સોનિયાને રોકવા માટે બધાં શક્ય પગલાં લેવા તૈયાર છે ત્યારે મામલો પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. ભાજપના કેટલાક નેતાઓએ તો સોનિયા ગાંધી વડાં પ્રધાન બને તો દેશવ્યાપી પ્રચંડ આંદોલન કરવાની જાહેરાત કરી દીધી હતી. શું કોંગ્રેસનું મોવડીમંડળ તેનાથી ડરી ગયું હતું? શું સોનિયા ગાંધી તે સમયે ભારતના નાગરિક નહોતાં? શું સોનિયા ગાંધીનાં સંસ્મરણો તે અસાધારણ નિર્ણય પર નવો પ્રકાશ પાડશે અથવા પડદા પાછળ શું બન્યું તેનું સંપૂર્ણપણે અલગ વર્ણન રજૂ કરશે? સોનિયા ગાંધી રાજકારણમાં કેમ પ્રવેશ્યાં? તે પ્રશ્નનો ઉત્તર પણ કદાચ તેમની આત્મકથામાંથી મળશે. તેમણે વર્ષો સુધી સક્રિય રાજકારણથી અંતર જાળવી રાખ્યું હતું. ૧૯૯૧માં રાજીવ ગાંધીની હત્યા પછી તેઓ મોટા ભાગે જાહેર જીવનથી દૂર રહ્યાં હતાં. પછી એવી દુઃખદ ઘટનાઓ બની હતી કે જેના કારણે રાજકારણમાં તેમની સફર શરૂ થઈ હતી. ૧૯૯૦ના દાયકામાં કોંગ્રેસે ચૂંટણીમાં સતત નબળું પ્રદર્શન કર્યા પછી તેઓ ૧૯૯૭માં પાર્ટીમાં જોડાયાં હતાં અને એક વર્ષ કરતાં પણ ઓછા સમયમાં તેનાં પ્રમુખ બન્યાં હતાં. તે સમયે, તેમના હરીફોએ તેમને નકારી કાઢ્યા હતા. ડિસેમ્બર ૧૯૯૮માં ઇન્ડિયા ટુડેએ અહેવાલ આપ્યો હતો કે અગ્રણી વિપક્ષી રાજકારણીઓ તેમને ઇટાલિયન અજાયબી સિવાય બીજું કંઈ કહેતા નહોતા. તેમ છતાં થોડા મહિનામાં તેમણે કોંગ્રેસમાં પરિવર્તન લાવવાનું શરૂ કરી દીધું હતું. કોંગ્રેસના એક નેતાએ સ્વીકાર્યું કે મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે આ મહિલા આટલી મોટી ઉથલપાથલ કરી શકે છે.કેટલાક અસ્વસ્થતાભર્યા પ્રશ્નો પણ છે. શું તેઓ પોતાની આત્મકથામાં બોફોર્સ કૌભાંડની ચર્ચા કરશે, જેણે રાજીવ ગાંધીની સરકારને ભારે નુકસાન પહોંચાડ્યું હતું અને ઇટાલિયન ઉદ્યોગપતિ ઓક્ટોવિયો ક્વાટ્રોચી સાથે પરિવારના સંબંધો પર દાયકાઓ સુધી વિવાદ ઊભો કર્યો હતો? શું તે આરોપોની ફરી સમીક્ષા કરશે અને તે જે જાણતી હતી તે જાહેર કરશે? અને તેમના ઇટાલિયન મૂળ અંગેના હોબાળા વિશે શું? ઘણાં વર્ષો સુધી સોનિયા ગાંધીની ટીકા એ આધાર પર કરવામાં આવી હતી કે તેઓ વિદેશી હતાં અને ભારતનું નેતૃત્વ કરવા માટે યોગ્ય નહોતાં. ભાજપનાં નેતા સુષ્મા સ્વરાજે ૨૦૦૪ માં જાહેર કર્યું હતું કે વિદેશી મૂળના વ્યક્તિને વડા પ્રધાન બનાવવું એ રાષ્ટ્રનું અપમાન હશે. જો સોનિયા ગાંધી વડા પ્રધાન બને તો તેમણે રાજીનામું આપવાની, માથું મુંડાવવાની, સફેદ કપડાં પહેરવાની અને સંન્યાસીનું જીવન જીવવાની પ્રતિજ્ઞા લીધી હતી.

પત્રકાર અને લેખક રાશિદ કિડવાઈ કહે છે કે ૧૯૯૯માં કેટલાક કોંગ્રેસ નેતાઓએ તેમના વિદેશી મૂળ પર સવાલ ઉઠાવ્યા હતા. શું તેમણે ક્યારેય દેશ છોડવાનું વિચાર્યું હતું? રાજકીય નિરીક્ષકોને પણ આશ્ચર્ય થાય છે કે શું આ પુસ્તક ૨૦૦૪ અને ૨૦૧૪ વચ્ચે કોંગ્રેસની આગેવાની હેઠળની સરકારના વિરોધાભાસો પર પ્રકાશ પાડી શકશે. સોનિયા ગાંધીના નેતૃત્વ હેઠળ, કોંગ્રેસે સતત બે રાષ્ટ્રીય ચૂંટણીઓ જીતી હતી. તેમ છતાં તેનો બીજો કાર્યકાળ ભ્રષ્ટાચારના આરોપોથી પ્રભાવિત રહ્યો હતો. સોનિયા ગાંધીના ટીકાકારો તેમને ડો. મનમોહન સિંહની સરકારનું રિમોટ કંટ્રોલ કહેતા હતા. તેમને શંકા હતી કે મનમોહન સિંહ પર તેમનું ભેદી નિયંત્રણ છે. તેમના સમર્થકો તેમને એક મુશ્કેલ ગઠબંધનને ચલાવનાર રાજકીય તાકાત તરીકે જોતા હતા. સોનિયા ગાંધીએ આખરે ૨૦૧૭ માં કોંગ્રેસની કમાન તેમના પુત્ર રાહુલ ગાંધીને સોંપી દીધી. ઘણા લોકો માને છે કે પાર્ટીને પુનર્જીવિત કરવામાં તેમની નિષ્ફળતા ગાંધી પરિવારના પતનની વાર્તાનું કેન્દ્રબિંદુ છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**પત્રકાર અને લેખક રાશિદ કિડવાઈ કહે છે કે ૧૯૯૯માં કેટલાક કોંગ્રેસ નેતાઓએ તેમનાં વિદેશી મૂળ પર સવાલ ઉઠાવ્યા હતા. શું તેમણે ક્યારેય દેશ છોડવાનું વિચાર્યું હતું?**


**ગુજરાતમિત્ર ટચૂકડી** ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile- 9825859049, 7859985601

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**હિમાલયા હોલીડે**
દિવાળીના પ્રવાસો, કાશ્મીર- દિવસ- ૭, RS:- 18,999/- દાર્જીલીંગ, ગેંગટોક, પેલીંગ દિવસ- ૭, Rs- 20,999/- (પેકેજ માટે મળો) Mo- 9427803273/ 9825142005 (બુકીંગની છેલ્લી તારીખ- 16/09/2026)

**(12 મહાદેવ),**
(કાવી કંબોઈ, નારેશ્વર), (મહારાષ્ટ્ર જ્યોતિર્લિંગ) (અષ્ટવિનાયક) (ઉજ્જૈન, ઓમકારેશ્વર) (દ્વારકા, સોમનાથ) મહાદેવ ટૂર એન્ડ ટ્રાવેલ્સ 7802062340 (289)

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ. દિવાળી પ્રવાસો, તારીખ- 11/11/2026, (1) દક્ષિણ ભારત, શ્રીશૈલમ, હૈદ્રાબાદ, તિરૂપતિ બાલાજી, રામેશ્વર, કન્યાકુમારી, ઉંટી. દિવસ- 13/ 14. (2) દક્ષિણ ભારત કેરેલા સાથે, દિવસ-18. (3) જગન્નાથપુર, કામાખ્યાદેવી, દાર્જીલિંગ, ગેંગટોક, નેપાળ. દિવસ- 18/ 19, અને દિવસ- 12 (4) બનારસ, અયોધ્યા, મનોકામના, નેપાળ, ગયાજી, દિવસ- 12. દરેક પ્રવાસો સંપુર્ણ સગવડતા સહિત. ચા- નાસ્તો, બે ટાઈમ ભોજન, મળો- દિપકભાઈ બોડીવાલા- 9825144143, કિશનભાઈ- 9898700934

**ગોવા (AC રૂમ)**
દિવસ- ૬ તા. 9, 11, નવેમ્બર. જયેશભટ્ટ 9909888622

**મિલ્કત વેચવાની છે**

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિઘા) ગામઃ કાળા વ્યારા કણજા. MO: 9687580001

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. MO 9687580001

**2.15 વિઘા**
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામઃ તેના MO. 9687580001

**ખેતી લાયક**
42 એકર જમીન વેચવાની છે નેત્રંગ Mo: 9687580001

**પ્લોટ વેચવાનો છે**
કીમ, કુરસદ, નેશનલ હાઈવે 8થી અડધો કિલોમીટર અંદર, અમૃત ઈન્ડસ્ટ્રીઝ, સ્વામીનારાયણ મંદિર પાછળ, 1550- વાર, 9427811344, 9879913894

**નોકરી વિષયક**

**જોઈએ છે**
ઈલેક્ટ્રિક કામ માટે માણસો, MO: 9825770136 પપ્પુભાઈ, અડાજણ,

**વાહન લે-વેચ**

**જુના બંધ હાલતમાં**
બાઈક, સ્કૂટી, કાર, ટેમ્પો, રિક્ષા વાહનો વેચવા માટે સંપર્ક કરો. 6351459536, 6358258722

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
**M. 9879663828**
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*